**ક્રિમીનલ કેશ નં.૩૨૭૬/૨૦૨૫**

આંક ::–

| **૩૫ મા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (કોર્ટ નં. ૩૯) અમદાવાદ શહેર.** | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| **વિરૂધ્ધ** | |
| **કૃણાલભાઈ મુકેશભાઈ પંચાલ** | આરોપી |

**ગુન્હો : – ધી એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા ધી પ્રાહી એકટ કલમ–૬૬(૧)(બી) .....મુજબ**

**:: હુકમ ::**

**(ગુન્હા કબુલાત કરતા)**

(૧) આ કામના આરોપી સામેના હાલના કામના ગુન્હાની વીગત મુજબ તેઓએ **નસો કરેલ હાલતમાં તેઓના હવાલા વાળુ વાહન જાહેર માર્ગ પર ચલાવતા મળી આવેલા,** આથી તેઓનુ વાહન કબજે લઈ તેઓ સામે હાલના ગુન્હા અંગેનુ ચાર્જશીટ રજુ રાખવામાં આવેલ છે.

(૨) ગુન્હાના કામે આરોપી હાજર થતા તેઓને પોલીસપેપર્સની નકલો આપવામાં આવેલ, ત્યારબાદ આજરોજ આરોપીએ તેઓ સ્વેચ્છાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનુ જણાવી તે અંગે કબુલાત પુરશીશ રજુ કરેલ છે, તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવા લખી આપેલ છે.

(૩) કેસની હકીકત તથા આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતા આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરતા માત્ર દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનુ જણાય છે. આ સબંધે ***'નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯)'*** ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ બાબતો વંચાણે લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧) આરોપીને કાયદાની કલમ– ૨૫૨ મુજબ તેઓ સામેના આક્ષેપીત મોટર વ્હીકલ એકટ કલમ–પ્રોહી એકટ કલમ– ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સંયુકત રીતે આરોપીને **રૂપીયા ૨૭૦૦/– (અંકે રૂપીયા બે હજાર સાતસો પુરા)** દંડ કરવામાં આવે છે. દંડની રકમ ભરપાઈ કરવાની કશુર બદલ દિન– ૫ ની સાદી કેસની સજા કરવામાં આવે છે.

૨) અપીલ સમય વિત્યે : મુદામાલ વાહન સબંધે વચગાળાના તબકકે થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે. જો વચગાળાના તબકકે વાહન સબંધે કોઈ હુકમ થયેલ ન હોય તો તે તેના આર. સી. બુક મુજબ ના ઓનર ને પરત કરવુ.

૩) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

**તા. ૦૬/૦૧/૨૦૨૫**

**(દશરથસિંહ જાલમસિંહ પરમાર)**

૩૫ મા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,

અમદાવાદ શહેર,

**કોડ નં.જી.જે. ૦૧૧૭૧.**